પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૭૧ | ૩૦ ઓગસ્ટ, ૨૦૨૩, બુધવાર; બીજો શ્રાવણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મોદીની મહિલાઓને ભેટ : એલપીજીમાં રૂા.૨૦૦નો ઘટાડો

## ઓનમ અને રક્ષાબંધનના અવસર પર કેન્દ્ર સરકારની મોટી ભેટ : ૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં : પાઇપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે



નવી દિલ્હી, તા.૨૯

ઓનમ અને રક્ષાબંધનના અવસર પર મોદી સરકારે મોટી ભેટ આપી છે. મંગળવારે કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે તમામ ગ્રાહકો માટે ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવશે.

તેમણે કહ્યું, "ઓનમ અને રક્ષાબંધનના અવસર પર સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બધા લોકો માટે છે. બહેનો માટે આ એક મોટી ભેટ છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે પીએમ મોદીએ લાખો બહેનો માટે ભેટ આપી છે. ૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે. એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. પાઈપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે. સમગ્ર વિશ્વમાં ગેસના ભાવ વધ્યા છે, પરંતુ ભારતમાં તેની અસર ઓછી છે.

ઉજ્જવલા યોજના હેઠળ પહેલાથી જ ૨૦૦ની સબસિડી હતી, જ્યારે આજથી ૨૦૦ લોકોને અલગ સબસિડીનો લાભ મળશે. એટલે કે હવે ઉજ્જવલા સ્કીમ હેઠળ આવનારને ૪૦૦ રૂપિયાની

● અનુસંધાન પાન-૭ પર

# જી-૨૦માં વિશ્વના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે

## જી-૨૦માં ભારતનું શક્તિ પ્રદર્શન : એક માત્ર રશિયાના રાષ્ટ્રપતિ પુતિન આ બેઠકમાં સામેલ નહીં થાય

નવી દિલ્હી, તા.૨૯

જી-૨૦ શિખર સમિટના આયોજન માટે ભારતની રાજધાની નવી દિલ્હીમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.ભારતના ઈતિહાસમાં કદાચ પહેલી વખત દુનિયાના દિગ્ગજ નેતાઓનો સૌથી મોટો મેળાવડો આ સમિટ દરમિયાન જોવા મળશે.જી-૨૦ ગ્રુપમાં સામેલ મોટાભાગના દેશોના ટોચના નેતાઓ સમિટ માટે ભારતની મુલાકાત લેવાના છે.

એક માત્ર રશિયાના રાષ્ટ્રપતિ પુતિન આ બેઠકમાં સામેલ નહીં થાય.તેમની જગ્યાએ રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ હાજરી આપશે.મેક્સિકોનુ પ્રતિધિત્વ રકેલ બ્યૂનરોસ્ત્રો કરશે.તેઓ મેક્સિકોના નાણામંત્રી છે.

### જી-૨૦માં દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે

- આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ આલ્બર્ટો ફર્નાન્ડીઝ
- ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની આલ્બાનીઝ
- બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા
- કેનેડાના પીએમ જસ્ટિન ટૂડો
- ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ
- ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન
- જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ
- ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો
- જ્યોર્જિયા મેલોની ઈટાલીના વડા પ્રધાન
- ફ્યુમિયો કિશિદા, જાપાનના વડા પ્રધાન
- યુન સુક યેઓલ, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ
- મોહમ્મદ બિન સલમાન, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન
- સિરિલ રામાફોસા, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ
- એર્ડોગન, તુર્કીના રાષ્ટ્રપતિ
- ઋષિ સુનક, યુકેના પીએમ
- યુએસ પ્રમુખ જો બિડેન
- કાઉન્સિલ ઓફ યુરોપના પ્રમુખ ચાર્લ્સ મિશેલ
- યુરોપિયન યુનિયનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન

# સંસદની સ્થાયી સમિતિઓનું પુનર્ગઠન

## રાજ્યસભાના અધ્યક્ષે આઠ વિભાગ સબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ બદલી : સમિતિમાં કોંગ્રેસના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પી ચિદમ્બરમની ૩૧ સભ્યોની ગૃહ પેનલમાં નિમણૂકનો સમાવેશ થાય છે

નવી દિલ્હી, તા.૨૯

સંસદની સ્થાયી સમિતિઓનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે આઠ વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ બદલી છે. આમાં કોંગ્રેસના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પી ચિદમ્બરમની ૩૧ સભ્યોની ગૃહ પેનલમાં નિમણૂકનો સમાવેશ થાય છે.

રાજ્યસભાના અધ્યક્ષે લોકસભાના અધ્યક્ષની સલાહથી આઠ સમિતિઓની પુનર્ગઠન કર્યું છે. સંસદીય સ્થાયી સમિતિઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે જે અધ્યક્ષના વહીવટી અધિકાર ક્ષેત્રમાં આવે છે. રાજ્યસભાના અધ્યક્ષે ચિદમ્બરમને ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિના સભ્ય તરીકે એવા સમયે નિયુક્ત કર્યા જ્યારે પેનલ ત્રણ પ્રસ્તાવિત બિલ પર ચર્ચા કરી રહી છે. ઈન્ડિયન કોડ ઓફ જસ્ટિસ ૨૦૨૩, ઈન્ડિયન સિવિલ ડિફેન્સ કોડ, ૨૦૨૩ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ એવા ત્રણ બિલ છે, જેનો ઉદ્દેશ્ય ફોજદારી ન્યાય કાયદામાં ફેરફાર કરવાનો છે. આ બિલો ૧૧ ઓગસ્ટના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યા હતા. ૨૪ વિભાગીય સ્થાયી સમિતિઓ છે અને આ દરેક સમિતિઓમાં ૩૧ સભ્યો છે, જેમાંથી ૨૧ લોકસભા અને ૧૦ રાજ્યસભાના છે.

આઠ સમિતિઓમાં હવે પુનર્ગઠન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# મલ્લિકાર્જુન ખડગેને ઈન્ડિયાના કન્વિનર બનાવાય એવી શક્યતા

## ઈન્ડિયામાં નીતિશ કુમારને આંચકો લાગી શકે છે : અન્ય મુખ્ય પક્ષોના ૧૧ નેતાઓને સહ-સંયોજકોની જવાબદારી મળી શકે છે

નવી દિલ્હી, તા.૨૯

શરૂઆતથી જ એવી અટકળો હતી કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ઈન્ડિયાગઠબંધનના કન્વીનર બનાવવામાં આવશે, પરંતુ હવે તેને આ વાત પર મોટો ઝટકો લાગી શકે છે. સુત્રો પરથી મળતી જાણકારી અનુસાર, હવે નીતિશ કુમારની બદલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કન્વીનર બનાવવામાં આવી શકે છે. આ સિવાય અન્ય મુખ્ય પક્ષોના ૧૧ નેતાઓને સહ-સંયોજકોની જવાબદારી મળી શકે છે. ૩૧મી ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાનારી બેઠકમાં તેની જાહેરાત થઈ શકે છે. એટલું જ નહીં, આ દરમિયાન ઈન્ડિયાએલાયન્સના લોગોનું અનાવરણ થઈ શકે છે અને દિલ્હીમાં હેડક્વાર્ટર બનાવવાની જાહેરાત પણ થઈ શકે છે.જેડીયુના સૂત્રોનું કહેવું છે કે, નીતિશ કુમારે પોતે કન્વીનર બનવાની ના પાડી દીધી છે. તેમના વતી કોંગ્રેસને તેના એક નેતાને કન્વીનર તરીકે નિયુક્ત કરવા કહેવામાં આવ્યું છે. ત્યારથી ખડગેને લઈને અટકળો ચાલી રહી છે. જો કે એવી પણ ચર્ચા છે કે નીતીશ કુમારના નામ પર સહમત થવું મુશ્કેલ હતું અને ખુદ લાલુ યાદવના નિવેદન બાદ સસ્પેન્સ વધુ ગાઢ બન્યું હતું. આવી સ્થિતિમાં કોઈપણ પ્રકારના વિવાદથી બચવા માટે નીતિશ કુમારે પોતે જ પોતાનું નામ પાછું ખેંચીને કોંગ્રેસને આગળ કરી દીધી છે. નીતિશ કુમારનું કહેવું છે કે, તેઓ માત્ર એકતા માટે કામ કરવા માંગે છે. સંયોજક બનવાનો તેમનો કોઈ ઈરાદો નથી.

### કેબિનેટની બેઠકમાં મહત્વનો નિર્ણય

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસીને ૨૭ ટકા અનામત : એસસી-એસટીમાં કોઈ ફેરફાર નહીં

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતા છે ત્યારે સરકારે શહેરી વિસ્તારમાં એસસી, એસટી, ઓબીસી માટે ૫૦ ટકા અનામતની ભલામણ કરી



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં દર બુધવારે યોજાતી રાજ્ય સરકારની કેબિનેટની બેઠક આજે મળી છે. આવતીકાલે બુધવારે રક્ષાબંધનની રજા હોવાથી કેબિનેટની બેઠક આજે મળી છે. આજની બેઠકમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેટલાક મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં ઘણા સમયથી ચર્ચામાં રહેતા ઝવેરી પંચના રીપોર્ટ પર વિચારણા હાથ ધરાઈ હતી. કેબિનેટની બેઠકમાં ચર્ચાઓ બાદ પંચાયતમાં ઓબીસીઅનામત મુદ્દે આજે જાહેરાત કરવામાં આવી છે. ગ્રામિણ અને શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં એસસીઅને એસટીઅનામતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે ઉપરાંત ઓબીસીને ૨૭ ટકા અનામતની ભલામણ કરવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં એસસી, એસટી, ઓબીસીમાટે ૫૦ ટકા અનામતની ભલામણ કરી છે. જ્યારે અગાઉ ઓબીસીમાટે જે ૧૦ ટકા બેઠકો હતી તે યથાવત્ રહેશે. પેશા એક્ટવાળા ૯ જિલ્લા ૬૧ તાલુકામાં વસ્તી પ્રમાણે બેઠક અને જિલ્લા, તાલુકામાં ૧૦ ટકા અનામતની ભલામણ કરાઈ છે. ગુજરાતમાં ઓબીસી અનામતને

● અનુસંધાન પાન-૭ પર



કોઈની રક્ષા કરવા બંધનમાં બંધાવું એટલે રક્ષાબંધન. ભાઈના જીવનવિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને શુભેચ્છાનું પ્રતિક, અંતરથી અપાયેલા આશીર્વાદનું કવચ, હેતભરી શુભ ભાવનાનું, ભગવાનને સાચા દિલથી કરેલી પ્રાર્થના વડે બનેલ સૂક્ષ્મ રક્ષણ એટલે રક્ષાબંધન. રક્ષાબંધનન પૂર્વસંધ્યાએ દેશભરની મહિલાઓએ પ્રધાનમંત્રીને રક્ષાકવચના પ્રતિકરૂપે લાખોની સંખ્યામાં રાખડીઓ જાતે તૈયાર કરીને મોકલી છે તો લઘુમતિ સમાજની બહેનોએ પણ પોતાની લાગણી વ્યક્ત કરવા વડાપ્રધાનના કટઆઉટને રાખડી બાંધી પોતાનું હેત પ્રગટ કર્યું હતું.

# પુલવામા આતંકી હુમલાને લીધે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવી પડી : સૉલિસિટર જનરલ

## નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના આરોપોનો પણ જવાબ આપતા સોલિસિટર જનરલે ૩૭૦મી કલમની નાબૂદી બાદ રાજ્યમાં શાતિ સ્થપાઈ હોવાન દાવો કર્યો

નવી દિલ્હી, તા.૨૯

ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાને કારણે કેન્દ્ર સરકારને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાની ફરજ પડી હતી. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, આ નિર્ણય સાથે જમ્મુ અને કાશ્મીરને દેશના બાકીના ભાગોમાં સંપૂર્ણપણે

● અનુસંધાન પાન-૭ પર

# બાલીમાં ૭.૦ તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવયા

નવી દિલ્હી, તા.૨૯

ઈન્ડોનેશિયાના બાલી સમુદ્ર ક્ષેત્રમાં આજે એટલે કે મંગળવાર (૨૯ ઓગસ્ટ)ના રોજ ૭.૦ તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અહેવાલ મુજબ, યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજી સેન્ટરએ જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫૧૮ કિમી નીચે, ઈન્ડોનેશિયાના માતરમથી ૨૦૧ કિમી ઉત્તરમાં હતું. જોકે, યુએસ જિયોલોજિકલ સર્વે (યુજીએસ) એ ભૂકંપની તીવ્રતા ૭.૧ હોવાનો અંદાજ લગાવ્યો છે. ધરતીકંપ ભૂકંપનું કેન્દ્ર ઈન્ડોનેશિયાના પશ્ચિમ નુસા ટેંગારાના બંગસલ નજીક ૫૨૫ કિમીની ઊંડાઈએ નોંધાયું હતું. જો કે આ દરમિયાન એ પણ રાહતની વાત છે કે દરિયાની ઉંડાઈમાં ભૂકંપના જોરદાર આંચકાને કારણે સુનામીનો કોઈ ખતરો નથી. આ જાણકારી અમેરિકન સુનામી વોર્નિંગ સિસ્ટમ દ્વારા આપવામાં આવી છે. ઈન્ડોનેશિયાની જિયોલોજિકલ એજન્સીના જણાવ્યા અનુસાર બાલી અને લોમ્બોકના દરિયાકાંઠાના વિસ્તારોમાં સવારે ૪ વાગ્યા પહેલા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જો શરૂઆતના આંચકાની વાત કરીએ તો ૬.૧ અને ૬.૫ની તીવ્રતાના બે ભૂકંપ આવ્યા હતા. ઈન્ડોનેશિયાના બાલીમાં હોટેલ મેનેજર સુદીએ ફોન દ્વારા રોઈટર્સને જણાવ્યું હતું કે બાલીના મર્ક્યુર કુટા બાલી ખાતેના મહેમાનો થોડી સેકન્ડો માટે ભૂકંપ અનુભવ્યા પછી તેમના રૂમમાંથી બહાર દોડી ગયા હતા. ઘણા

**ઈન્ડોનેશિયાની આપત્તિ એજન્સી BNPBએ જણાવ્યું હતું કે નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલ નથી**

**જોઈએ છે**

અનુભવી ડેન્ટીસ્ટ અને હાઉસકીપીંગ સ્ટાફ

ઈન્ફોસીટી ગાંધીનગર

99985 08343

**ભાવભિની હૃદયાંજલિ**



સ્વ. રાજ પ્રવિણભાઈ ચૌધરી

સ્વ. તા. ૨૦-૮-૨૦૨૩

એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ચાલી ગયો
તારી જીંદગી ટુંકી હતી છતાં લાગણી ઘણી મુકી ગયો
પ્રભુ તારા આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

મુંજાલ રાવલ, અગ્રણી, બ્રહ્મસમાજ | શાંતિલાલ ગોગારી, રાજધાની હાર્ડવેર
દીપક ભટ્ટ | અશોક છનીયારા